# મહે. ૨૪ માં એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી મેજી.શ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.

**<u>ક્રિમીનલ કેસ નં.૧૨૪૮૪/૨૦૨૦</u>**
**આંક –**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ...**

**આરોપી :–** **ઝુબેર ઈસ્માઈલભાઈ નીચાતર**

**આરોપ :– ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮, ૨૬૯ અને ૨૭૦ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો.**

**: ચુકાદો :**

**૧)** ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તમો નોવેલ કોરોના વાયરસ (કોવીડ–૧૯) રોગચાળાની મહામારી ફેલાયેલી હોય અને સરકારશ્રી ધ્વારા બિનજરૂરી જાહેરમાં નીકળવાની મનાઈ હોવા છતાં સરકાર ધ્વારા બનાવ સમયે વખતો વખત જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા તથા પોલીસ કમિશનરશ્રીના જાહેરનામાનો ભંગ કરી પોતાની તથા અન્ય લોકોની જીંદગી જોખમાય તેવું કૃત્ય આરોપીએ કરી ભારતીય દંડ સંહિતાની કલમ –૧૮૮, ૨૬૯ તથા ૨૭૦ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

**૨)** સદર કામે રેકર્ડ જોતાં આ અદાલત ધ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું સંજ્ઞાન ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૫ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં સંજ્ઞાન લેવામાં આવેલ નથી અને આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ તથા ૨૭૦ મુજબના શિક્ષાપાત્ર ગુનાના પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવેલ છે.

**૩)** આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હોઈ તથા આજરોજ ખાસ સીટીંગનુ આયોજન હોઈ હાલના ગુનાની સજાની જોગવાઈ વિગેરે ઘ્યાને લેતાં સદર કામ ખાસ સીટીંગમાં મુકવામાં આવેલ અને આરોપી હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપી હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેઓના

વિરુધ્ધના ગુનાની કબુલાત કરેલ છે તેમજ અલાયદા કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, સદર ગુનો કોવીડ–૧૯ ની મહામારી સમયે બનેલ છે અને તેઓનો કોઈ ઈરાદો મહામારી ફેલાવવાનો હતો નહી. વધુમાં જણાવેલ છે કે, તેઓને કોઈ ચેપી રોગ બનાવ સમયે થયેલ ન હતો અને બનાવ સમયે જીવન જરૂરીયાતની ચીજવસ્તુ અને ધંધાની જરૂરીયાતે તેઓ બહાર નીકળેલ હતા. તેઓનો ઈરાદો સરકારની માર્ગદર્શિકાનો અવગણના કરવાનો કે જાહેરનામાનો ભંગ કરવાનો કે ચેપીરોગ ફેલાવવાનો હતો નહી. તેઓને ગુના સંબંધે પસ્તાવો છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

૪) સદર કામ આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુનાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા ઈ.પી.કો. કલમ ૨૬૯ તથા ૨૭૦ માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહી અને એકમાત્ર જીવન જરૂરીયાતની ચીજવસ્તુ તથા ધંધાની જરૂરીયાતે તેઓ બહાર નીકળેલ હતા અને તેઓએ કરેલ ગુનાનો પસ્તાવો જણાઈ આવે છે. વધુમાં આરોપી જણાવે છે કે, તેઓનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી ત્યારે આરોપીને સુધરવાની તક સાથે ઈ.પી.કો. કલમ ૨૬૯ તથા ૨૭૦ માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, ઈ.પી.કો. કલમ ૨૬૯ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

Section 269 :- Whoever unlawfully or negligently does any act which is, and which he knows or has reason to beleive to be, likely to spread the infection of any disease dangerous to life, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.

તેવી જ રીતે કલમ ૨૭૦ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

Section 270 :- Whoever malignantly does any act which is, and which he knows or has reason to beleive to be, likely to spread

the infection of any disease dangerous to life, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

આમ, ઉપરોકત જોગવાઈઓ વંચાણે લેતાં તથા કેસની હકીકત ધ્યાને લેતાં આરોપીને સદર ગુનાના કામે કેદની સજા નહી કરતાં દંડની સજા ફરમાવવામાં આવે તો, ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

**૧)** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૬૯ તથા ૨૭૦ ના ગુનામાં આરોપીની કબુલાત આધારે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨)** આ કામના આરોપીને ઈ.પી.કો. કલમ–૨૬૯ ના ગુના સંબંધે રૂા.૧૦૦ (અંકે રૂપીયા સો પુરા)નો દંડ તથા ઈ.પી.કો. કલમ –૨૭૦ ના ગુના સંબંધે રૂા.૧૦૦ (અંકે રૂપીયા સો પુરા) નો દંડ એમ કુલ્લે રૂા. ૨૦૦ (અંકે રૂપીયા બસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદ ની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦, માહે– જુલાઈ, સને –૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા.
તા.૧૦/૦૭/૨૦૨૧

**(ભાસ્કર રામેશ્વરપ્રસાદ દવે)**
૨૪ માં એડી.સીની.સિવીલ જજ અને
એડી. ચીફ જયુ.મેજી., વડોદરા.
જજ કોડ નં.જીજે.૦૧૦૭૩